ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**ઉદય વૈષ્ણવ**
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૯૭૮૪ ૦૫૦૫૦



**શકુંતલાબેન શાહ**
સભ્ય
જ્યોતિ મહિલા મંડળ



**પલ્લવીબેન ગુપ્તે**
સભ્ય,
અખિલ ભારતીય
સામાજિક સ્વાસ્થ્ય સંઘ



**ગિરિશ નીલગીરી**

# એમ બી પટેલ શાળાની વિદ્યાર્થીનીઓ ડિબેટ અને તલવારબાજીમાં ઝળકી

ગાંધીનગર, તા. ૧૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓએ ગુજરાત એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટ (ગેમી) દ્વારા ઓઝોન દિવસની ઉજવણી નિમિત્તે આયોજિત વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ પૈકી ડિબેટ સ્પર્ધામાં ધોરણ ૮ઈની વિદ્યાર્થીની જીનલ અતુલભાઈ ચાવડાએ પ્રથમ સ્થાન મેળવી રૂપિયા બે હજારનો રોકડ પુરસ્કાર તથા ધોરણ-૮બીની વિદ્યાર્થીની સાક્ષી જિતેન્દ્રભાઈ રહેવરે બીજું સ્થાન મેળવી રૂા. ૧૫૦૦નો રોકડ પુરસ્કાર પ્રાપ્ત કર્યો હતો.

ધોરણ-૭બીની વિદ્યાર્થીની માનસી લાભુભાઈ દેસાઈ ડીસા ખાતે આયોજિત રાજ્યકક્ષાની તલવારબાજી સ્પર્ધામાં પ્રથમ કક્ષાએ વિજેતા બની હતી અને રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે તેની પસંદગી થઈ હતી.

શાળાનાં આચાર્ય નીરૂબેન જે પટેલે વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### સંવત્સરી પ્રસંગે ૮૭મી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં

# ડૉ. કેશુભાઈ દેસાઈનું 'ક્ષમા : મોક્ષનો ભવ્ય દરવાજો' વિષય પર મનનીય વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૧૮

પ્રજ્ઞાચક્ષુ પં. સુખલાલજી દ્વારા પ્રારંભ કરાયેલ પર્યુષણ વ્યાખ્યાન-માળાના ૮૭મા સોપાનમાં જાણીતા સાહિત્યકાર અને સમાજ ચિંતક ડૉ. કેશુભઆઈ દેસાઈએ જૈન યુવક મંડળ અને ધર્મજાગૃતિ કેન્દ્ર, અમદાવાદના ઉપક્રમે અમદાવાદના મહેંદી નવાઝ જંગ સભાગૃહ ખાતે ક્ષમાપના વિશે મનનીય વ્યાખ્યાન આપી જણાવ્યું હતું કે જૈન ધર્મમાં વિશ્વધર્મ બનવાની તમામ સંભાવનાઓ પડેલી છે. એ જીવ માત્રના જીવવાના અધિકારને સ્વીકારે છે અને માણસ પુરુષાર્થથી પરમાત્માપદ પ્રાપ્ત કરી શકે એવી શ્રદ્ધા ધરાવે છે. ડગલે ને પગલે માણસ જાણ્યે-અજાણ્યે પાપ કરતો ફરે છે, તે ક્ષમા માગવા અને ક્ષમા આપવાથી નષ્ટ થઈ શકે છે. ક્ષમા એ વીરનું આભૂષણ છે. કાયર વ્યક્તિ ક્ષમા આપી શકતી નથી. સંવત્સરી પર્વને ડૉ. કેશુભાઈ દેસાઈએ આંતરરાષ્ટ્રીય ક્ષમા દિવસ તરીકે ઓળખાવ્યું હતું. સમારોહની અધ્યક્ષતા પ્રમોદ શાહે કરી હતી. સમાપન જાણીતા એડવોકેટ અશોક દામાણીએ કર્યું હતું. આ વ્યાખ્યાનમાળાના દાતા પન્નાલાલ ઝવેરી પરિવારનાં સ્વજનોએ ડૉ. કેશુભાઈ દેલાઈનું ભાવભીનું સ્વાગત અને સમ્માન કર્યું હતું.

# સે. ૨૨ ખાતે આયોજિત ગણેશ મહોત્સવના પ્રથમ દિવસે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના વિદ્યાર્થીઓએ રંગ જમાવ્યો



ગાંધીનગર, તા. ૧૮

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ સેક્ટર-૨૨ દ્વારા નગરમાં ૪૫મા ગણેશોત્સવનું દબદબાભેર આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગરની સ્થાપનાકાળથી ઉજવાતો આ લોકપ્રિય અને સાંસ્કૃતિક મહોત્સવ છે.

મહોત્સવના પ્રથમ દિવસે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત વિવિધ સ્કૂલ્સના વિદ્યાર્થીઓએ દેશનાં વિવિધ રાજ્યોની સાંસ્કૃતિક ઝાંખીઓ પ્રસ્તુત કરીને કાર્યક્રમની શરૂઆત કરી હતી, જેને માણવા મોટી સંખ્યામાં ગાંધીનગરના ગણેશ ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની વિગત આપતા સંસ્થાના અધ્યક્ષ નિશિત વ્યાસે જણાવ્યું હતું કે ગાંધીનગરની સૌથી મોટી શિક્ષણ સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત વિવિધ સ્કૂલ્સના ૨૫૦થી વધુ બાળકોએ વિવિધ રાજ્યોની ઝાંખી કરાવતો નૃત્ય કાર્યક્રમ રજુ કરી ઉપસ્થિત નગરજનોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. શાળાના બાળકો દ્વારા રજુ કરવામાં આવેલ એક એક કલાકૃતિને નગરજનોએ સંપૂર્ણ ગુજરાત અને ભારત દર્શનનો લાભ તેમજ અખંડતામાં એકતાનો સંદેશ આપ્યો હતો. દરેક બાળકે શ્રેષ્ઠ પ્રદર્શન કરીને કાર્યક્રમને ખૂબ સફળ બનાવ્યો હતો.

આ કાર્યક્રમમાં સંસ્થાની જે બી પ્રાથમિક શાળાનાં આચાર્યા નિવાબેન પટેલ, એમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળાનાં આચાર્યા નીરૂબેન પટેલ, આર એન પ્રાથમિક શાળાના આચાર્ય દશરથભાઈ પટેલ અને લલિતકલા એકેડેમીનાં આચાર્યા દિનાબેન ડોડિયા ઉપસ્થિત રહ્યાં હતાં.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ચેતના બુચ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે સમિતિના ભાસ્કર બાલપાંડે, વિષ્ણુરાવ બાલપાંડે, કલ્પેશ બાલપાંડે, સંજય ભોંસલે, હિરેશ શાસ્ત્રીએ જહેમત ઉઠાવી હતી.

ઉલ્લેખનીય છે કે શનિવારે રાત્રે ૮ કલાકે રાજ્યના રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલીજી રંગમંચ ખાતે પધારી ગણપતિની પૂજા-અર્ચના કરશે, ત્યારબાદ રીધમ ઓરકેસ્ટ્રા ગૃપ દ્વારા હિન્દી ફિલ્મી ગીત-સંગીતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી લાભ લેવા સમિતિના પ્રમુખ નિશિત વ્યાસે આમંત્રણ પાઠવ્યું છે.

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
એવરેસ્ટ (હિન્દી, ૩ડી)
સવારે ૯.૨૦, ૨.૪૦, ૫.૨૦, ૧૦.૪૦
એવરેસ્ટ (અંગ્રેજી, ૩ડી)
૧૨.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૨**
એવરેસ્ટ (હિન્દી)
સવારે ૧૦.૪૦
હીરો
૧.૧૫, ૭.૦૦
વેલકમ બેક
૪.૦૦, ૯.૫૦

**સ્ક્રીન-૩**
કટ્ટી બટ્ટી
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૪**
કટ્ટી બટ્ટી
સવારે ૯.૧૫, ૩.૧૫, ૯.૧૫
મેરઠીયા ગેંગસ્ટર્સ
૧૨.૧૫
ગુજ્જુભાઈ ધી ગ્રેટ (ગુજરાતી)
૬.૧૫

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કટ્ટી બટ્ટી
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
વેલકમ બેક
૧૦.૦૦
કટ્ટી બટ્ટી
૨.૦૦, ૪.૪૫, ૭.૩૦

**સ્ક્રીન-૪**
વેલકમ બેક
૭.૧૫
હીરો
૨.૧૫, ૧૦.૧૫
મેરઠીયા ગેંગસ્ટર
૧૨.૦૦, ૪.૪૫

**સ્ક્રીન-૫**
કટ્ટી બટ્ટી
૧૦.૦૦
વેલકમ બેક
૧.૦૦
ગુજ્જુભાઈ ધ ગ્રેટ (ગુજરાતી)
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

# દેશમાં ૭૨૮ જેટલાં વૃધ્ધાશ્રમો કાર્યરત છે આપણે આ સંખ્યામાં ઘટાડો કરવો જોઈએ

ગાંધીનગર, તા. ૧૮

'આપણા દેશને દુનિયા સંસ્કૃતિના દેશ તરીકે ઓળખે છે, સંસ્કારોના દેશ તરીકે ઓળખે છે, પરંતુ તેમ છતાં આપણા દેશમાં ૭૨૮ જેટલા વૃધ્ધાશ્રમો કાર્યરત છે, આપણે આ સંખ્યામાં ઘટાડો કરવો જોઈએ' એવી હૃદયસ્પર્શી અપીલ ગઈકાલે સેક્ટર-૨ સી ખાતે નાટકના માધ્યમથી કરવામાં આવી હતી.

સેક્ટર-૨ સી ખાતે આયોજિત શ્રી ગણેશ મહોત્સવ પ્રસંગે આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમોની શ્રેણીમાં પ્રથમ રાત્રિએ જ જી ઈ ક્લબ નિર્મિત અને ગાંધીનગર ગૃપ પ્રસ્તુત નગરના ખ્યાત નાટ્યકાર કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત નાટક 'માત-પિતાને વંદન' ભજવાયું હતું, જેણે પ્રેક્ષકોનાં મન પર ઊંડી છાપ છોડી હતી. નાટક હળવી શૈલીમાં શરૂ થયું હતું, જેણે શરૂઆતમાં પ્રેક્ષકોને ખૂબ હસાવ્યા હતા. પરંતુ નાટક અંત ભાગમાં કરૂણ વાતો સુધી પહોંચી ગયું હતું અને એના પરાકાષ્ટાના દશ્યમાં તો પ્રેક્ષકો રીતસર રડી પડ્યા હતા.

હંમેશા નવા કલાકારોને સ્ટેજ પૂરું પાડતા કુંતલ નિમાવતે પોતાની પરંપરા અનુસાર આ નાટકમાં પણ બે નવા કલાકારોને સ્ટેજ આપવાની કામગીરી બજાવી હતી. ગાંધીનગર સરકારી આટ્ર્સ કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી કલ્પ ત્રિવેદી અને મૌન સાધુએ આ નાટકમાં અભિનેતા તરીકે પદાર્પણ કર્યું હતું.

આ ઉપરાંત નાટકમાં માસ્ટર પર્વ નિમાવત, નીલમ મછાર, સૌરભ જોષી, બ્રિજરાજસિંહ ઝાલા અને કુંતલ નિમાવત દ્વારા અભિનયનાં અજવાળાં પાથરવામાં આવ્યાં હતાં. દિવ્યકાન્ત વર્માએ સંગીત સંચાલન, મયુર ભાટિયાએ લાઈટ સંચાલન તથા લવ રાવત-દર્શન ભાવસારે સેટીંગ્સની જવાબદારી સંભાળી હતી. કાર્યક્રમની શરૂઆતમાં બ્રહ્માકુમારીઝનાં તપસ્વિનીદીદીએ ગણપતિનાં નામ તેમજ તેના અર્થ સહિત મહત્ત્વ વિશે લોકોને સમજ આપી હતી અને સૌ પર ગણપતિ મહેરબાન થાય તેવા આશીર્વાદ પાઠવ્યા હતા. શ્રી ગણેશ મહોત્સવ સમિતિ તરફથી નાટકના નિર્માતા-લેખક-દિગ્દર્શક કુંતલ નિમાવત અને આયોજક હિમાંશુ ભચેચને ગણપતિની તસવીર, ખેસ આપીને તેમનું અભિવાદન કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ નાટકની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન ભાનુભાઈ દવે દ્વારા કરવામાં આવ્યું હતું.

# એમ બી પટેલ સ્કૂલ ખાતે હિન્દી દિવસની ખાસ ઉજવણી

(તસવીર : કશ્યપ નિમાવત)



ગાંધીનગર, તા. ૧૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે આજે હિન્દી દિવસની ઉજવણી વિશિષ્ટ રીતે કરવામાં આવી હતી.

વિદ્યાર્થીઓના બનેલાં જૂથોએ હિન્દીમાં ગૃપ સોંગ રજૂ કરી આ કાર્યક્રમને સુરીલો બનાવ્યો હતો તો શાળાના જ વિદ્યાર્થીઓના બનેલા ઓરકેસ્ટ્રાએ આ કાર્યક્રમને સંગીતની સંગત પૂરી પાડી હતી. વિવિધ વર્ગો વચ્ચેની આ ગૃપ સોંગ સ્પર્ધામાં ૧૧ સી પ્રથમ ક્રમે, ૧૨ બી દ્વિતિય ક્રમે અને ૧૦ સીને તૃતિય ક્રમે વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે મનિષા ભટ્ટ અને ટીનાબેન પટેલે સેવાઓ આપી હતી. કાર્યક્રમ સંચાલન વિદ્યાર્થીની સોનમ દ્વારા કરવામાં આવ્યું હતું.

બેન્ક ઓફ બરોડાના સહકારથી સતત ૧૬મા વર્ષે આયોજિત આ ઉજવણીમાં બેન્કના અધિકારી અનિલ શ્રીવાસ્તવજી તથા વિકાસ ચાવલા ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં બીજી વિશેષતા એ હતી કે તેમાં પધારનારા મહેમાનોને વિદ્યાર્થીઓ દ્વારા જ હિન્દીમાં તૈયાર કરવામાં આવેલાં ગ્રીટીંગ્સ કાર્ડ્સ આપવામાં આવ્યાં હતાં. હિન્દી ગ્રીટીંગ્સ કાર્ડ્સ બનાવટ માટેની સ્પર્ધા પણ વિદ્યાર્થીઓ વચ્ચે યોજવામાં આવી હતી, જેમાં ૧૧બીની વિદ્યાર્થીની નુઝત પ્રથમ તથા ૧૧એની વિદ્યાર્થીની સોનમ શાહ દ્વિતિય ક્રમે વિજેતા બની હતી.

કાર્યક્રમના પ્રારંભે ડૉ. વર્ષાબેન પારેખે સ્વાગત પ્રવચન કર્યું હતું તથા પ્રિન્સિપાલ અર્પિત ક્રિશ્ચિયને પ્રસંગોચિત પ્રવચન કર્યું હતું. આભારદર્શન ચિત્રાબેન વ્યાસ દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંત ભાગમાં વિદ્યાર્થીઓને સરપ્રાઈઝ આપતાં શિક્ષકોએ પોતાનું એક જૂથ બનાવીને ગૃપ સોંગ પ્રસ્તુત કર્યું હતું, જેને વિદ્યાર્થીઓએ ચિચિયારીઓથી વધાવી લીધું હતું. વિદ્યાર્થીઓને સૌથી વધુ મઝા એ બાબતની આવી હતી કે પોતાના જ શિક્ષકો દ્વારા પ્રસ્તુત આ ગૃપ સોંગને પ્રિન્સિપાલ અર્પિત ક્રિશ્ચિયન દ્વારા ડ્રમની સંગત આપવામાં આવી હતી. સૌએ ગીતને ખૂબ માણ્યું હતું.

# પવિત્ર શ્રાવણ માસમાં સાંભળ્યો 'શિવભૂમિનો સાદ...'

શ્રીખંડ કૈલાસ, મણિમહેશ કૈલાસ, અમરનાથજી અને ગીરનાર પરિક્રમા એક ચાર-ચાર યાત્રાએ લઈ જતું અદ્ભૂત પ્રવાસ વર્ણન પુસ્તક

આ વર્ષે શ્રાવણ માસ મારા માટે કંઈક અનોખો અને અલગ રહ્યો. પવિત્ર શ્રાવણ માસમાં જાણે ભોલાનાથના ધામ કૈલાસ માનસરોવર, શ્રીખંડ કૈલાસ અને અમરનાથજીની યાત્રા થઈ હોય એમ લાગ્યું. આ વિકટ અને પવિત્ર યાત્રાઓ આ એક જ મહિનામાં કેવી રીતે શક્ય બને ? આવો સાહજિક સવાલ વાચક મિત્રોના માનસપટ ઉપર ઉદ્ભવે. અને એ સ્વાભાવિક પણ છે. મેં આ યાત્રાઓ પ્રજ્ઞાબેન પટેલ લિખિત 'શિવભૂમિનો સાદ...' પ્રવાસ વર્ણન પુસ્તક સાથે વાચનયાત્રા સ્વરૂપે કરી. આમ તો આ પુસ્તક વાંચ્યું પરંતુ ને માત્ર વાંચન નહીં કહું. આ પ્રવાસ વર્ણન વાંચતા-વાંચતા એમ અનુભૂતિ થઈ કે જાણે હું સ્વયં કૈલાસ માનસરોવર, અમરનાથજી, શ્રીખંડ કૈલાસની યાત્રા કરતો ના હોઉં...! પ્રજ્ઞાબહેનની સાથે સાથે પહાડો, બરફ, ઝરણા, સાંકડી કેડી ઉપરનું ચઢાણ, વરસાદ, ટાઢ વગેરે અનુભવો આ વાંચનયાત્રામાં થયા. ઘણા બધા પ્રવાસ વર્ણનો વાંચ્યા હોય પરંતુ કેટલાક પ્રવાસ વર્ણન વાંચતી વખતે પ્રવાસનો તાદશ્ય અનુભવ થાય ત્યારે મન-મસ્કિષ્ક પ્રફુલ્લિત થઈ જાય.

હીલ સ્ટેશન, ડેઝર્ટ સફાઈ, દરિયા કિનારે હોટલના એસી રૂમમાં આરામ સાથે થોકબંધ ભોજન લઈને જે પ્રવાસ થાય એ પ્રવાસ કહેવાય. પરંતુ જ્યાં સગવડ સાચવવાનું કોઈ સ્થાન જ ન હોય, પળેપળનો રોમાંચ હોય, કાંઈક પ્રાપ્ત કરવાની ઝંખના હોય, સ્થળ સાથે એક અજબનું અનુસંધાન સધાય ત્યારે એ પ્રવાસ માત્ર પ્રવાસ નથી રહેતો, એ યાત્રા બની જાય છે.

હિમાલયનો પ્રવાસ 'ફોર નાઈટ્સ એન્ડ ફાઈવ ડેયઝ'ના પેકેજમાં ન થાય. હિમાલયના હિમ પર્વત શિખર ઉપર બિરાજમાન કૈલાસપતિનાં દર્શનની યાત્રા માટે ધન નહીં, હૃદયના ધબકારની જરૂર છે. હિમાલયની પ્રવાસયાત્રા કર્યા બાદ કેટકેટલા સુંદર અને અલૌકિક અનુભવ યાત્રાનાં વર્ણનો લખાયાં. કાકાસાહેબ કાલેલકરે હિમાલયના પ્રવાસને અદ્ભૂત રીતે શબ્દે કંડાર્યો છે. સ્વામી આનંદનાં ઉત્તરાપથની યાત્રા અને બરફ રસ્તે બદરીનાથ બંને પુસ્તકો પ્રવાસ વર્ણનના અદ્ભૂત અનુભવોનું સંભારણું છે. બરફ રસ્તે બદરીનાથ પહોંચીને સ્વામી આનંદ પ્રભુના દર્શન કરતા લખે છે '...અને હજારો દિવેટની ઝળહળા આરતીના અજવાળામાં ખુશી-આનંદે નાચતા જાત્રુટોળાને માથેથી દીનદયાળ પ્રભુ બદરી વિશાળની મરક મરક હસ્તી મૂર્તિને મારી જગ્યાએથી જ હું અતૃપ્ત નયને નીરખી રહ્યો...'

પહાડી અને તેમાં પણ હિમાચ્છાદિત પહાડી પ્રદેશની પ્રવાસયાત્રા અલૌકિક સૌંદર્યનો સાક્ષાત્કાર કરાવતી હોય છે. પ્રત્યેક પ્રવાસ પૈસા અને ક્રેડિટ કાર્ડના મોહતાજ હોતા નથી. અંતરમનમાં પડેલી પ્રભુની ખોજ અને શ્રદ્ધાનો સમન્વય એના તળમાં પાંગરતા હોય છે. પ્રજ્ઞાબહેને તેમના આ પ્રવાસ-યાત્રા વર્ણનમાં આ વાત સુપેરે લેખી છે કે 'શા માટે યાત્રા કરવી ? કષ્ટ વેઠીને દુર્ગમ યાત્રાઓ, પગપાળા પરિક્રમાઓ શા માટે કરવી ? શરીર-મનની ક્ષમતાની કસોટીની સાથે તેની કેળવણી પણ થતી હોય છે. ચાલતાં ચાલતાં જાત સાથે સંવાદ કરવાનો એક જુદો જ આનંદ માણી શકાય...'

શ્રીખંડ કૈલાસ, મણિમહેશ કૈલાસ, અમરનાથ યાત્રા અને ગીરનાર પરિક્રમા ચાર-ચાર યાત્રાઓ






પુલક ત્રિવેદી

કરીને તેના એકેએક પાસાને ઉજાગર કરતા 'શિવભૂમિનો સાદ...' રીતસર ભગવાન સંકરનો નાદ સંભળાવે છે.

'શિવભૂમિનો સાદ...' વાંચતા ભારત અને ચીન બે દેશોની સરહદ વચ્ચે પથરાયેલા અદ્ભૂત પહાડી સૌંદર્ય અને એમાં પણ ખળખળ વહેતી 'કાલી ગંગા' નદીનો ઘુઘવાટ પણ ઓમકાર સમો ભાસે. પહાડોમાં વસતા લોકોનું ભોળપણ અને એમની રીતરસમ પણ પ્રજ્ઞાબહેને સરસ રીતે તેમના પ્રવાસ વર્ણનમાં પ્રતિબિંબિત કરી છે.

વિશ્વમાં સૌથી ઊંચાઈવાળા સ્થળે આવેલા સ્વચ્છ જળના સરોવરો પૈકી જેની ગણના થાય છે એવા પવિત્ર માન સરોવર પહોંચીને તેમણે લખ્યું કે, 'માન સરોવરની આભા જ અલગ - એની પરિક્રમા કરવી, એના કાંઠે ચાર દિવસ રહેવું, એના કાંઠે સુર્યોદય, સુર્યાસ્ત અને મધ્યરાત્રિનું દર્શન કરવું, આકાશદર્શન કરવું. એના જળ, એની લહેરો જાણે ઓમકાર કરતા હોય એવું અનુભવાય.'

પ્રજ્ઞાબહેને આલેખેલા પ્રવાસયાત્રાના વર્ણનમાં સૌથી મહત્ત્વની વાત તો એ છે કે આ યાત્રા કરવાની ઈચ્છા રાખનાર વિરલાઓને ઘરેથી નીકળવાથી માંડીને પાછા ઘરના દરવાજે પહોંચીએ ત્યાં સુધીની રજેરજની વિગતો સરસ રીતે વર્ણવાઈ છે. કપડાં, વાસણ, બેગથી માંડીને કયા શહેર અને ગામમાં કેટલા વાગે પહોંચાય અને ત્યાં કેવું વાતાવરણ, ભારત સરકાર તરફથી અપાતી સવલત, ભારતીય લશ્કરના જવાનોનો સાથ, સ્થાનિક લોકોનો મિલનસાર અને લાગણીશીલ સ્વભાવ વગેરે વગેરેની ઝીણી-ઝીણી વાતને પણ સુંદર રીતે તેમણે વણી લીધી છે.

જાણે આપણે સ્વયં એમની સાથે યાત્રા કરતા ન હોઈએ... ? એવો તાદશ્ય અનુભવ વાંચતી વખતે થયા વગર ન રહે. એમણે પણ ઉલ્લેખ કર્યો છે અને મને પણ એ વાત લખ્યા વગર લેખ અધુરો લાગશે. આ પુસ્તકને આકાર આપવામાં કેટલીક બાબતોની વિશેષ કાળજી રાખવામાં આવી છે. એક : અતિ વર્ણન અને સાહિત્યના ભારેખમ શબ્દો નથી અને બીજું : પુસ્તક માહિતીપ્રદ બની રહે એવું ધ્યાન રખાયું છે. શાસ્ત્રીય સિદ્ધિ કરતાં નિજાનંદની રસલ્હાણ જ એના કેન્દ્રમાં રહી છે. ૨૦૦૪માં જ્યારે કૈલાસ માનસરોવરની યાત્રા એમણે કરી, છેક ત્યારથી મનોમન નિજાનંદના યાત્રાવૃત્ત લખવાના સંકલ્પને સાકાર કરવાનો એમનો આનંદ પ્રગટ થાય છે.

પ્રજ્ઞાબહેને આ પ્રવાસયાત્રા વર્ણનનું પુસ્તક વાંચતા એક વાત તો બહુ સ્પષ્ટ સમજી શકાઈ કે પ્રવાસ-યાત્રા એ માત્ર નવા સ્થળો જોવાનો માત્ર આનંદ નહીં બલ્કે નવા લોકો અને વ્યક્તિત્વ અનુભવવાનું ભાથું ભેગું કરવાની તક છે. પ્રવાસ માનવીને માત્ર કુદરતની જ નહીં બીજા મઝાના માણસોની નિકટતા પામવાનો મઝાનો અવસર પુરો પાડે છે.

આ પુસ્તકની બીજી એક ઉડીને આંખે વળગે એવી વાત એ પણ છે કે કૈલાસ માનસરોવરની યાત્રા બાદ લખાયેલા ૩૭ જેટલા પુસ્તકોની સુચિ આપવામાં આવી છે. પ્રથમ દિવસથી છેલ્લા દિવસ સુધીની યાત્રાનું સમયપત્રક પણ સરસ રીતે દર્શાવ્યું છે. અને હા, કૈલાસ માનસરોવર, શ્રીખંડ કૈલાસ, અમરનાથજી, ગીરનાર પરિક્રમાની નયનરમ્ય તસવીરોથી પુસ્તક વધુ સોહામણું લાગે છે. આ તસવીરો જોતાં લાગે છે કે લેખિકા કલમ અને કેમેરા બંને ક્ષેત્રે કુશળતા ધરાવે છે.

બરફમાં સર્જાયેલી કટોકટીઓ અને તેમની ઉપર આવેલા સંકટો જ્યારે વાંચીએ ત્યારે બે ઘડી શ્વાસ થંભી જાય. વળી પાછું અલૌકિક પહાડી સૌંદર્યનું વર્ણન વાંચી ઓમકારમાં વહેવા માંડીએ. જાણીતા સાહિત્યકાર કુમારપાળ દેસાઈએ 'શિવભૂમિનો સાદ...' માટે લખ્યું કે, શ્રદ્ધાવાન યાત્રાળુથી માંડીને સાહિત્યના આસ્વાદકને આ પુસ્તક ઉપયોગી અને આનંદદાયી બની રહેશે.

પુસ્તકના આલેખનમાં એક ઔચિત્ય અને ગરિમા જળવાયેલી રહી છે. પરિણામે આખો આ પ્રવાસ વાચક સહયાત્રી બનીને સતત લેખિકાની સાથે હોવાનો અહેસાસ કરતો રહે છે.

પ્રજ્ઞા પટેલ લિખિત અને પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ દ્વારા પ્રકાશિત 'શિવભૂમિનો સાદ...' ૩૮૦ પાનામાં પથરાયેલું સુંદર પ્રવાસ યાત્રા વર્ણન છે. રૂા. ૩૦૦ના મૂલ્યે શ્રીખંડ કૈલાસ, મણિમહેશ કૈલાસ, અમરનાથ યાત્રા અને ગીરનાર પરિક્રમાની ચાર-ચાર અદ્ભૂત યાત્રાએ જવાનો આ અમૂલ્ય અવસર ચૂકવા જેવો નથી.

# સેક્ટર- ૫ સી નવરાત્રી મહોત્સવ સમિતિના હોદ્દેદારો સર્વાનુમતે વરાયા

ગાંધીનગર, તા. ૧૮

નવરાત્રી મહોત્સવ-૨૦૧૫ની ભવ્ય ઉજવણી અર્થે એક બેઠકનું આયોજન તાજેતરમાં ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન રાકેશભાઈ એમ પટેલના અધ્યક્ષસ્થાને નવરાત્રી ચોક, સેક્ટર-૫ સી ખાતે મળી હતી, જેમાં વસાહતીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં નવરાત્રી સમિતિના નવા વર્ષના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી, જેને સૌ સભ્યોએ વધાવી લીધી હતી.

નવરાત્રી સમિતિના પ્રમુખ તરીકે કમલેશસિંહ વી ગોલ (સરપંચ, વાવોલ), ઉપપ્રમુખ વાસુદેવભાઈ સુથાર, રાજુભાઈ પટેલ (ઉનાવા), મહેન્દ્રભાઈ પરમાર, સંજયભાઈ પટેલ, રતિભાઈ પટેલ, મંત્રી નરેશભાઈ બી પરમાર, સહમંત્રી જીતુભાઈ મિસ્ત્રી, ઓડિટર એમ એચ રાવ, ખજાનચી અશોકભાઈ પટેલ, કારોબારી સભ્યો અશોકભાઈ પટેલ, હસમુખભાઈ સુતરીયા, છગનભાઈ દેસાઈ, સુરેશભાઈ પટેલ, અલ્પેશભાઈ પ્રજાપતિ, પી કે પટેલ, કિરીટભાઈ મિસ્ત્રી, યુવરાજસિંહ વાઘેલા, એલ એમ પરમાર, રાહુલભાઈ પટેલ, સલાહકાર તરીકે નટુભાઈ, પ્રૉ. કે બી ઠાકોર, રાકેશભાઈ પટેલ અને મૂળજીભાઈ ઉપાધ્યાયની વરણી કરવામાં આવી હતી.